દુ:ખાવા ને કહી દો ના

દુ:ખાવો ? ઓપરેશન વગર રાહત.



Deep PAIN MANAGEMENT CENTRE

મિત્રો,

શું આપ લાંબા સમયથી દુ:ખાવાથી પીડાવ છો ?
દુ:ખાવાને કારણે કામમાં એકાગ્રતા જળવાતી નથી ?
શું તમે દુ:ખાવાની ગોળીઓ અથવા તેની આડઅસરોથી થાકી ગયા છો ?
શું તમને ઓપરેશનની સલાહ આપી છે ?
શું તમે દુ:ખાવાને લીધે શારીરીક, માનસિક, સામાજીક અથવા આર્થિક રીતે થાકી ગયા છો ?

તમારી સમસ્યાઓ અને નિરાકરણ માટે....

" દીપ પેઈન મેનેજમેન્ટ સેન્ટર "

અમે પેઇન મેનેજમેન્ટ માટેના નિષ્ણાત છીએ. અમે પેઇન મેનેજમેન્ટમાં ચોક્કસ પ્રકારની તાલીમ લીધેલી છે અને બહોળો અનુભવ ધરાવીએ છીએ. અમારું પોતાનું પેઇન સેન્ટર છે જ્યાં આધુનિક, વૈજ્ઞાનિક રીતે અને દુ:ખાવાના ચોક્કસ કારણો શોધી, આધુનિક સાધનો દ્વારા ઉપચાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે અમે શું કરીએ છીએ ?

- અમે સમસ્યાને સમજી દુ:ખાવાનું કારણ શોધીએ છીએ.
- અમે યોગ્ય સારવાર પદ્ધતિ (ટ્રીટમેન્ટ) ની માહિતી આપીએ છીએ.
- અમે દુ:ખાવાની ચોક્કસ જગ્યાની તપાસ આઈઆઈ ટીવી અથવા સીટી સ્કેનથી કરીએ છીએ.
- દુ:ખાવાની જગ્યાએ અથવા કારણની જગ્યાએ ઈન્જેક્શન આપીને સારવાર કરીએ છીએ.
- તમે થોડી વારના આરામ પછી ઘરે જઈ શકો છો.

કોમન પેઈન માટે ઉપલબ્ધ સુવિધાઓ / સારવાર

- કમરના મણકાનો દુ:ખાવો, સાયટીકા, ગાદીની બીમારીઓ
- ગરદન અને ખભાના દુ:ખાવા
- ઘુંટણના દુ:ખાવા
- માથાનો દુ:ખાવો
- કેન્સરને લગતા દુ:ખાવા
- ટ્રાયજેમીનલ ન્યુરાલ્જીયા
- ફાઈબ્રોમાયેલ્જીયા
- હરપીસ પછીના દુ:ખાવા
- કોમ્પલેક્ષ રીજીનલ પેઇન સીન્ડ્રોમ
- ફેન્ટમ લીમ્બનો દુ:ખાવો
- પ્રસુતિનો દુ:ખાવો

અદ્યતન સારવાર પદ્ધતિઓ

- રેડીયો ફ્રીક્વન્સી એબ્લેશન
- પરક્યુટેનીયસ ગાદીનું દબાણ હટાવવું
- પ્લાઝમા કોબ્લેશન પદ્ધતિથી ગાદીની સારવાર
- ઓઝોન પદ્ધતિ
- IDET
- વર્ટીબ્રોપ્લાસ્ટી
- ઇન્ટ્રાથીકલ દવા આપવા માટેની સીસ્ટમનું આરોપણ
- સ્પાઇનલ કોર્ડ સ્ટીમ્યુલેટર

કમર અને ગરદન (ડૉક) ના દુ:ખાવા : ફેસેટ જોઇન્ટ બ્લોક અને મીડીઅન બ્રાન્ચ રેડીયો ફ્રિક્વન્સી

- મણકાની બંને બાજુ રહેલા સાંધાને ફેસેટ જોઇન્ટ કહે છે. આનો ઘસારો દુ:ખાવાનું કારણ હોઇ શકે છે.
- ઘણા લાંબા સમયના દુ:ખાવામાં આ શક્ય છે.
- આ સારવારથી કદાચ લાંબા સમય સુધી રાહત મળી શકે છે.
- સૌ પ્રથમ આ સમસ્યાનું ઇન્જેક્શનથી નિદાન કરવામાં આવે છે અને ત્યારપછી તેની રેડીયોફ્રીક્વન્સી વડે કાયમી સારવાર કરવામાં આવે છે.
- આ સારવાર કમર તથા ડૉકીના દુ:ખાવામાં થઇ શકે છે.



ટ્રાન્સફોરામીના / નર્વ રૂટ સ્લીવ ઇન્જેક્શન (સાયટીકા તથા ગાદીના દુ:ખાવા)

- કમરમાંથી પગમાં દુખાવો થવો - જે ગાદીને કારણે થાય છે આને રેડીયેટીંગ પેઇન કહે છે.
- ગાદીનું નસ પરનું દબાણથી થતા દુ:ખાવા માટેની સારવાર.
- કરોડરજ્જુની બાજુમાં જગ્યા સાંકડી થવાથી થતા દુ:ખાવા માટે આ સારવાર થાય છે.
- **સાયટીકા** : ગાદી ખસી જવાથી અથવા બીજા ઘણાં કારણોસર ચોક્કસ નસમાં દુ:ખાવો થવો, ઝણઝણાટી થવી, પગ ભારે લાગવા, પગમાં ખાલી ચઢવી વગેરે સાયટીકાના લક્ષણો છે. આ માટે મશીનમાં જોઇ જે તે નસ પર ઇન્જેક્શન આપી તેને બ્લોક કરવામાં આવે છે.
- ચોક્કસ કેસોમાં ગાદી ઉપર જ સારવાર કરવી પડે છે. આમાં પરક્યુટેનીયસ ડીસ્ક ડીકોમ્પ્રેશન, ઓઝોન ન્યુક્લીયો-લાયસીસ, કોબ્લેશન ડીસ્ક ન્યુક્લીયોપ્લાસ્ટી જેવી ઓપરેશન વગરની સારવાર કરી શકાય છે.

ડૉરસલ રૂટ ગેંગ્લીઓન રેડીઓફ્રીક્વન્સી લીઝનીંગ

- આ સારવાર કમર, ડોકી અથવા છાતીના કરોડરજ્જુના દુ:ખાવા માટે શક્ય છે.

સેકરોઇલીઆક જોઇન્ટ ઇન્જેક્શન અને રેડીયોફ્રીક્વન્સી લીઝનીંગ

- આ સેકરોઇલીયાક જોઇન્ટના દુ:ખાવા માટે અચુક સારવાર છે. તેનાથી પ્રથમ નિદાન અને પછી કાયમી સારવાર શક્ય છે.

ગેસેરીયન ગેંગ્લીઓન રેડીયોફ્રીક્વન્સી લીઝનીંગ

- આ ટ્રાયજેમીનલ ન્યુરાલ્જીયા માટે અદ્યતન સારવાર છે.
- ઓપરેશન વગર, એકજ દિવસની સારવાર છે.
- માથાના દુ:ખાવા માટે પણ તેનો ઉપયોગ થઇ શકે છે.
- આ સારવાર ઓછી ખર્ચાળ, વધુ અસરકારક અને હોસ્પિટલમાં દાખલ કર્યા વગર શક્ય છે.



ડીસ્કોગ્રાફી :

- ગરદન અથવા કમરના દુ:ખાવાનું એક કારણ ગાદી હોઇ શકે છે.
- એમ.આર.આઇ. થી કાયમ માટે કઇ ગાદીથી દુ:ખાવો થાય છે તેનું સચોટ નિદાન કરી શકાતું નથી.
- ગાદીમાં ઇન્જેકશનથી ડાઇ નાખવામાં આવે છે અને તેનું પ્રેશર પણ મપાય છે, આ એક રીત છે જેનાથી જે તે ગાદીના દુ:ખાવાનું નિદાન થઇ શકે છે.
- આ રીત ઓપરેશનમાં પણ ઉપયોગી છે.
- ગાદીની સારવાર ઑઝોનથી અથવા રેડીયોફ્રીક્વન્સીથી પણ થઇ શકે છે.

સ્પીનોપેલેટાઇન ગેંગ્લીઓન બ્લોક અને રેડીયોફ્રીક્વન્સી લીઝનીંગ

- માથાનો દુ:ખાવો જે મેડીકલ ટ્રીટમેન્ટને ગાંઠતો નથી.
- ચહેરા પરના દુ:ખાવા જેનું કોઇ ચોક્કસ કારણ મળતું નથી.
- હરપીસ પછીના આંખ તથા ચહેરાના દુ:ખાવા માટે આનો ઉપયોગ થઇ શકે છે.

ઑઝોન થેરાપી :

- કમર અને પગના દુ:ખાવા માટે ઉપયોગી
- ગાદીના દુ:ખાવામાં ગાદીમાં ઑઝોનનું ઇન્જેકશન આપવું.
- કમરની બાજુના ભાગમાં ઑઝોનનું ઇન્જેકશન આપી શકાય.
- ખભાના તથા ઘુંટણના દુ:ખાવામાં ઑઝોનની સારવાર આપી શકાય.
- નોનહીલીંગ અલ્સરમાં આ સારવાર શક્ય છે.

ગાદીના દુ:ખાવા માટેની સારવાર :

અ) પરક્યુટેનીયસ ડીક્સેક્ટોમી :

- આમાં કોઇ જાતની વાઢકાપ થતી નથી.
- ન્યુક્લીયોટોમ (FDA માન્ય) થી ગાદીને કાપી અને સકશનથી ચૂસી લેવામાં આવે છે.
- લોકલ એનેસ્થેસીયામાં થાય છે. બેભાન કરવા પડતા નથી.
- ગાદીના મધ્યભાગને નાનું કરવામાં મદદ કરે છે.

બ) ઇન્ટ્રા-ડીસ્કલ રેડીઓ ફ્રીક્વન્સી :

- નવી પધ્ધતિ છે.
- હાઇ વૉલ્ટેજ, પલ્સ રેડીઓ ફ્રીક્વન્સી વપરાય છે.

ક) ઑઝોન ન્યુક્લીઓલીસીસ :

- ગાદીમાં ઇન્જેકશનથી ઓઝોન આપવો.
- ગાદી ખસી જવાના રોગ માટેની સારવાર છે.

ડ) ઇન્ટ્રાડીસ્કલ ઇલેક્ટ્રોથર્મલ થેરાપી (IDET):

- મોટી વાઢકાપ વગરની સારવાર છે.
- લાંબા સમયથી ગાદીના ખસવાથી થતી પીડા માટેની સારવાર છે.
- રેડીઓ ફ્રીક્વન્સી મશીનના ઉપયોગથી સારવાર શક્ય છે.
- આમાં ગાદીને નાની કરવી અથવા ગાદીની દિવાલનું ફીશર બંધ કરવું, ગાદીની અંદરનું તત્ત્વ નાનું થાય છે અને અંદરના ભાગમાં રહેલ પેઇન સેન્સરો ડીસેન્સીટાઇઝ થાય છે અને દુ:ખાવામાં ફરક પડે છે.

ઇ) પ્લાઝમા કૉબ્લેશન ન્યુક્લીઓપ્લાસ્ટી :



- મોટી વાઢકાપ વગરની સારવાર છે.
- જેની ગાદી અકબંધ છે પણ ખસેલી છે તેને માટેની આ સારવાર છે.
- કોબ્લેશન ટેકનોલોજી વપરાય છે.

અ થી ઇ ના ફાયદાઓ :

- સારવાર પછી જલ્દીથી સાજા થઇ જવાય છે.
- ઓપરેશન પછી થતા દુ:ખાવાથી બચી જવાય છે.
- જલ્દીથી ઘરે જઇ શકાય છે.
- મોટી વાઢકાપમાંથી બચી જવાય છે.

મણકા પરના ઓપરેશન પછીનો દુ:ખાવો :

જેમાં ન્યુરોરીહેબીલીટેશનનો ઉપયોગ કરીને દર્દીને જીવન-શૈલીની રીતભાત વિશે શીખવાડવામાં આવે છે. જેથી પાછલુ જીવન દર્દ રહીત થઇ શકે. અમુક કેસોમાં રેક્સ પ્રોસીજર દ્વારા એપીડયુરલ એડીઝીયોલાયસીસ કરવામાં આવે છે અથવા સ્પાઇનલ કોર્ડ સ્ટીમ્યુલેટર ઇમ્પ્લાન્ટેશન કરી શકાય છે. જે વર્ષો સુધી કાર્ય કરે છે.

કેન્સરથી થતો દુ:ખાવો :

કેન્સર માનજીવનને પજવતો એક મહાઘાતક રોગ છે. આજે, આધુનિક સારવાર જેવીકે ઓપરેશન, રેડીયોથેરાપી, કીમોથેરાપીની મદદથી શરૂઆતના તબક્કામાં થતા કેન્સરની સારવાર શક્ય છે. પરંતુ, અગ્રીમ તબક્કાના કેન્સર તથા ફરીથી થતા કેન્સરમાં કોઇ ચોક્કસ સારવાર શક્ય નથી. આ પ્રકારના કેન્સર શરીરના વિવિધ ભાગોમાં ફેલાઇ શકે છે અને તેને લીધે થતા દુ:ખાવામાં પેઇન મેનેજમેન્ટ અગત્યનો ભાગ ભજવે છે.

અ) સ્ટીલેટ ગેંગ્લીઓન બ્લોક અને રેડીયો ફ્રીક્વન્સી લીઝનીંગ :

- હાથના દુ:ખાવા, છાતીના કેન્સર.
- આ CRPS, રીફેક્ટરી વેન્ટ્રીકુયલર ટેકીકાર્ડીયા વિગેરેમાં પણ વપરાય છે.

બ) સીલીયાક પ્લેક્સસ બ્લોક :

- જઠરના કેન્સર, યકૃત, પિત્તાશય, સ્વાદુપિંડ, વગેરે પેટના કેન્સરમાં થતા દુ:ખાવા માટે.

ટ્રીગર પોઈન્ટ ઈન્જેક્શન :

માયોફેસીયલ પેઈનનું મુખ્ય કારણ સ્નાયુનેથતી સૂક્ષ્મ ઈજા છે જે મુખ્યત્વે ખોટી લાઈસ્ટાઈલ અથવા તો અચાનક કોઈ ભારે કામ કરવાથી થઈ શકે છે. આ પ્રકારની ઈજા અવગણવામાં આવે તો તે લાંબા સમયે દુ:ખાવામાં પરિવર્તિત થાય છે. એક્સર-રે અને MRI થી પણ માયોફેસીયલ પેઈનનું નિદાન કરી શકાતું નથી. ફીઝીકલ થેરાપી એ માયોફેસીયલ પેઈનની મુખ્ય સારવાર છે. અમુક ચોક્કસ કેસોમાં **બોટોક્ષથી** સારવાર અપાય છે.

પ્રોલોથેરાપી :

લાંબાગાળાના દુ:ખાવા જેવા કે, કમરનાં સાંધાનો દુ:ખાવો, સાંધાના ઘસારા, પુંછડીયા હાડકાનો દુ:ખાવો, અકસ્માતને લીધે થતી સ્નાયુની ઈજાઓ માટે આ એક આધુનિક સારવાર છે.

સુપ્રા સ્કેપ્યુલર નર્વ બ્લોક :

સુપ્રા સ્કેપ્યુલર નર્વ બ્લોકની મદદથી ફ્રોઝોન શોલ્ડરના દર્દીઓને દર્દમુક્ત કરી શકાય છે અને તુરંત જ મુવમેન્ટ મેળવી શકાય છે. તદ્ઉપરાંત અન્ય કારણનું યોગ્ય નિદાન કરવામાં આવે છે.

મણકાના ફ્રેક્ચર :

ખાસ કરીને મેનોપોઝ પછી થતાં ઓસ્ટીઓપોરોસીસ, મણકામાં થતી કેન્સરની ગાંઠને લીધે થતા મણકાના ફ્રેક્ચરમાં પેઈન મેનેજમેન્ટની મદદથી ઓપરેશન વગર વર્ટેબ્રોપ્લાસ્ટી અને કાયફોપ્લાસ્ટી દ્વારા તરત અને કાયમની જરૂરી રાહત મેળવી શકાય છે.

સ્પાઈનલ કોર્ડ સ્ટીમ્યુલેટર :

- આ એક નાનું ઈલેક્ટ્રોડ છે જેને એપીડયુરલ સ્પેસમાં મુકવામાં આવે છે, આ ઈલેક્ટ્રોડ સ્પાઈન કોર્ડને ઉત્તેજન કરતા સીગ્નલ મોકલે છે જેના કરાણે દુ:ખાવામાં રાહત મળે છે. અથવા પગના ભાગમાં લોહીનો પ્રવાહ પણ વધારી શકે છે.
- આ કમરના દુ:ખાવા, કમરના ઓપરેશન પછી રહેતા દુ:ખાવા, લોહીનું પરીભ્રમણ ઓછું થવું.
- લાંબા સમયના ડાયાબીટીસને લીધે મુખ્યત્વે પગની નસોનું પડ ખરાબ થવાથી બળતરા અને સતત દુ:ખાવો થઈ શકે છે. લમ્બર સિમ્પથેટીક બ્લોક અથવા સ્પાઈનલ કોર્ડ સ્ટીમ્યુલેટર દ્વારા આવા કિસ્સાઓમાં ખૂબ સારૂં પરિણામ આપી શકાય છે.

સ્પાઈનલ ડ્રગ ડીલીવરી સીસ્ટમ :

આમાં એક કોમ્પ્યુટરાઈઝ આધુનીક નાનો પંપ શરીરની અંદર મૂકવામાં આવે છે. જે નિયમીત અને સતત પ્રમાણમાં દવા શરીરને પૂરી પાડે છે.

વડોદરામાં પહેલીવાર.... આધુનિક રેડીઓ ફ્રીક્વન્સી મશીન સાથે પલ્સ રેડીઓ ફ્રીક્વન્સી અને IDET સુવિધા

ડૉ. દીપક ઝવેરી

MD, PGDMLS

ઇન્ટરવેન્શનલ પેઇન સ્પેશ્યાલીસ્ટ

Deep PAIN MANAGEMENT CENTRE

દીપ પેઈન મેનેજમેન્ટ સેન્ટર

૧૮, દિપાવલી સોસાયટી, કારેલીબાગ,
વડોદરા - ૩૯૦ ૦૧૮.
સમય : સાંજે ૫.૦૦ થી ૮.૦૦ (એપોઈન્ટમેન્ટ જરૂરી)
ફોન: ૦૨૬૫-૨૪૬૦૮૮૯, મો. ૯૮૨૪૦૩૨૧૯૪
Email: deeppaincentre@gmail.com